**પેન્શનના લાભો.**

મુળભૂત નગરપાલિકાઓમાંથી
રૂપાંતરીત ગ્રામ/નગર પંચાયતોના
કર્મચારીઓને આપવા બાબત.

ગુજરાત સરકાર
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ.
ઠરાવ ક્રમાંક:નપમ-૧૦૮૩-૧૩૩૦-ક.
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૧૨-૭-૯૬.

વંચાણમાં લીધો:-

(૧) પંચાયત વિભાગના તા.૧૭-૧૦-૮૩નો ઠરાવ ક્રમાંક:નપમ-૧૦૮૩-૧૩૩૦-ક )

(૨) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૭-૩-૧૯૮૪નો ઠરાવ ક્રમાંક:નપમ-૧૦૮૩-૧૩૩૦-ક )

(૩) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૨૩-૪-૧૯૮૫નો ઠરાવ ક્રમાંક:નપમ-[illegible]

(૪) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૧૫-૧૨-૧૯૮૮નો ઠરાવ ક્રમાંક:નપમ-૧૦૮૬-૩૨૧૧(૮૮) ક.

(૫) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૨૪-૧-૧૯૯૨નો ઠરાવ ક્રમાંક:નપમ-૧૦૮૩-૧૩૩૦-ક.

(૬) પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનો તા.૨૮-૯-૧૯૯૨નો ઠરાવ ક્રમાંક:નપમ-૧૦૮૩-૧૩૩૦-ક.

આમુખમાં દર્શાવેલા વિવિધ ઠરાવો અન્વયે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧ ની કલમ-૩૦૭ હેઠળ ગ્રામ અને નગર પંચાયતોમાં રૂપાંતર પામેલી જૂની સુધરાઈઓના કર્મચારીઓને તથા આવી રૂપાંતરિત ગ્રામ/ નગર પંચાયતોમાં તા.૧-૪-૬૩ બાદ નીમાયેલા કર્મચારીઓને ઉપરોકત ઠરાવોમાં જણાવેલ શરતોને આધીન રહીને નિવૃત્તિના લાભો આપવાના હુકમો કરવામાં આવેલા છે. આવી ગ્રામ/નગર પંચાયતોમાં રૂપાંતર પામેલી જૂની સુધરાઈઓના જે કર્મચારીઓ તા.૩૧-૩-૬૩ બાદ

પરંતુ તા.૧૧-૨-૬૯ પહેલાં નિવૃત્ત થયેલા હોય/અવસાન પામ્યા હોય અથવા સ્વૈચ્છિક નિવૃત્તિ માટે જરૂરી પેન્શનપાત્ર નોકરી પુરી કર્યાબાદ નોકરીમાંથી રાજીનામું આપેલ હોય તેમને ઉપરોક્ત ઠરાવોનો લાભ આપવાની બાબત રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી. આ બાબતમાં પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

ભૂતપૂર્વ સુધરાઈઓમાંથી રૂપાંતર પામેલી ગ્રામ/નગર પંચાયતોમાં તા.૧-૪-૬૩ પહેલાં નિમણુંક પામેલા જે કર્મચારીઓ તા.૩૧-૩-૬૩ બાદ પરંતુ તા.૧૧-૨-૧૯૬૯ પહેલાં નિવૃત્ત થયેલા હોય/ અવસાન પામ્યા હોય કે સ્વૈચ્છિક નિવૃત્તિ માટે જરુરી પેન્શનપાત્ર નોકરી પુરી કર્યાબાદ નોકરીમાંથી રાજીનામું આપેલ હોય તેમને આમુખમાં દર્શાવેલ ઠરાવો હેઠળ અમલમાં મુકવામાં આવેલ પેન્શન યોજનાનો લાભ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨: આ ઠરાવ હેઠળ કર્મચારીની નિવૃત્તિ, અવસાન કે રાજીનામાની તારીખે બજાવેલી પેન્શપાત્ર નોકરીને ધ્યાને લઈ તે સમયે પ્રવર્તમાન નિયમો પેન્શન અને ગ્રેજ્યુઈટીની ગણતરી કરવાની રહેશે. અને તેની ચુકવણી તા.૧૧-૨-૬૯ના રોજ પ્રવર્તમાન નિયમો મુજબ તા.૧૧-૨-૬૯ થી કરવાની રહેશે.

૩: આ હુકમો હેઠળ જરૂરી વિકલ્પ આ ઠરાવ સાથેના નમુનામાં આ ઠરાવ બહાર પડયાની તારીખથી છ માસમાં સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીને આપવાનો રહેશે. એકવાર આપેલ વિકલ્પ આખરી ગણાશે અને તેમાં પાછળથી કોઈ ફેરફાર કે સુધારો કરી શકાશે નહીં.

૪: આમુખમાં દર્શાવેલ તમામ ઠરાવોની શરતો ઉપર દર્શાવેલા કર્મચારીઓના

કિસ્સામાં લાગુ પડશે. અને તેનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

૫: જે ગ્રામ/ નગર પંચાયતોનું સુધરાઈમાં રૂપાંતર થયેલ છે તેવી પંચાયતોના તા.૧-૪-૬૩ થી ૧૧-૨-૬૮ દરમ્યાન નિવૃત્ત થયેલ/ અવસાન પામેલા કે રાજીનામું આપેલા કર્મચારીઓના કિસ્સામાં પેન્શન કેસ બનાવવાની તમામ જવાબદારી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીની રહેશે.

૬: આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૨૪-૬-૯૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રમણ આર્ય,
ઉપસચિવ
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

પ્રતિ,
-એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
-વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર(પાંચ નકલો)
-હિસાબ અને તિજોરી નિયામકશ્રી ગુજરાત રાજ્ય, અમદાવાદ.
-નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
-સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
-નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર..
-નાણાકીય સલાહકારશ્રી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ, સ્થાનિક ભંડોળ હિસાબ (ગાંધીનગર અને ડાંગ સિવાય)
-સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ (ડાંગ અને ગાંધીનગર સિવાય)
-સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી(ગાંધીનગર અને ડાંગ સિવાય)
-સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રી(ગાંધીનગર અને ડાંગ સિવાય)
-સરપંચ...............ગામ પંચાયત જિ............
-ચીફ ઓફિસર...........મ્યુનિસિપલ બરો જિ........